# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૨/ક્વા-૦૪/૨૦૨૧-૨૨/૩૫૬ તા.૧૯.૦૩.૨૦૨૨

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG –૪૨/ક્વા-૦૪/૨૦૨૧-૨૨**

અરજદાર: શ્રી વિધવા વિજયાબેન રસીકલાલ જાની ગામ – માંગરોળ

સબડીવીઝન: પ્રાંચી

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી વેરાવળ

**:: કોરમ ::**

૧) ચેરપર્સન : શ્રી બી.પી.બુચ

૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળકચેરી, જુનાગઢ

તારીખ: સોમવાર (૨૧-૦૨-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૧-૦૨-૨૦૨૨ (સોમવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, વેરાવળ તાલુકા ના પ્રાંચી સબ ડિવિઝન હેઠળ નું રામપરા (પી) ગામ માં અમો ના પતિ શ્રીના નામ થી સર્વે નં. ૨૦૮ ખેતી જમીન ધરાવીએ છીએ.અમોના પતિ દ્વારા તેમાં સિંગલ ફેઈઝ વીજ કનેક્શન ની માંગણી કરેલ જેનું ક્વોટેશન ભરવાની જાણ થતાં પત્ર નં. VDR/૧૦૦/૬૨૫ મુજબ રકમ રૂપિયા ૪૩૩૪૦/- પુરા રસીદ નં. ૦૯૬૧૯૩ તારીખ ૦૭.૦૩.૨૦૦૭ થી રકમ ભરી આપેલ છે. સરકાર શ્રી તરફ થી "ટપ્પક પદ્ધતિ" ની જાહેરાત આવતા તેમાં પણ મારા પતિ દ્વારા અરજી કરતાં ઉપર નું કનેક્શન મળ્યા પેહલા થ્રી ફેઈઝ કનેક્શન માટે નું

ક્વોટેશન રકમ રૂ. ૩૬૨૭૦.૦૦ ભરવા નો પત્ર મળ્યો જે રકમ એમોના પતિ દ્વારા રસીદ નં. બુક નં. RJA ૦૦૧૪૫૭ રસીદ નં. ૦૫૮૨૫૭૬ તા. ૨૩.૦૭.૨૦૦૮ થી ભરી આપેલ છે.અને તે મુજબ એચએએલ થ્રી ફેઈઝ કનેક્શન ૨૦૦૮ થી ચાલે છે. ઉપરોક્ત સિંગલ ફેઈઝ ના ક્વોટેશન રકમ રિફંદ મળવા બાબત અમોના પતિ દ્વારા પીજીવીસીએલ પ્રાંચી વારંવાર મૌખિક તેમજ તારીખ ૨૦.૦૪.૨૦૦૯ ના કાર્યપાલક ઇજનેર સાહેબ શ્રી વેરાવળ ને તેમજ ૨૧.૧૧.૨૦૧૧ ના રોજ પીજીવીસીએલ નાયબ ઈજનેરશ્રી પ્રાંચી ને અરજી કરવા છતાં રકમ આજ દિવસ સુધી પરત મળેલ નથી. રજૂઆત કરતાં કરતાં મારા પતિ શ્રી રસીકલાલ છગનલાલ જાની નું તા.૧૮.૦૪.૨૦૧૩ મરણ થયેલ છે. જે તે સમયે અમો વેરાવળ તાલુકાનાં રામપરા (પી) ગામે તથા સુત્રાપાડા તાલુકાનાં અમરાપુર (કાદ્રના) પ્રાંચી–પીપલા ગામે રેહતા હતા અમો હાલ મારા નાના પુત્ર ની સાથે માંગરોળ મુકામે ઉપરોક્ત સરનામે રેહતા હોય ત્યાં પત્ર વ્યવહાર કરવા વીંટી. અમો અરજદાર શ્રી વિધવા થયેલ હોય રૂપિયા ની ખાસ જરૂરત હોય વહલી તકે સરકાર શ્રી ના “ચાલું ખાતા” ના વ્યાજ ના દર મુજબ વ્યાજ સહિત રકમ મળવા નમ્ર અરજ છે. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ આપના દ્વારા સંદર્ભ ૦૧ થી અત્રેની પ્રાચી પેટાવિભાગીય કચેરી હેઠળ આવતા રામપરા ગામે ખેતીવાડી સીગલ ફેસ કનેક્શન માટે અરજી કરેલ હતી.જે મુજબ ભાવપત્રક ના ભરપાઈ કરેલા નાણાં પરત મેળવવા માટે રજૂઆત કરેલ છે.તે હેઠળ આપના દ્વારા રકમ રૂ. ૪૩૩૪૦.૦૦ રસીદ નં ૦૯૬૧૯૩ થી તા. ૦૩.૦૩.૨૦૦૭ ના રોજ ભરપાઈ કરેલ હતા.જે અંગે આપને જણાવવા નું કે અત્રેની પ્રાચી પેટાવિભાગીય કચેરી દ્વારા સ્થળ રોજકામ કરતાં માલૂમ પડેલ કે તે સ્થળે સીગલ ફેઇઝ કનેશન લાગેલ નથી. જ્યારે પ્રાચી પેટાવિભાગીય કચેરી હેઠળ આપે કરેલ અરજી ને ઘણા વર્ષ થઇ ગયેલ હોય માટે ત્યાં કોઈપણ દસ્તાવેજી પુરાવા હાલ મળી આવેલ નથી તેમ છતા આપના દ્વારા ભરપાઈ કરેલ રકમ રૂ. ૪૩૩૪૦.૦૦ મેળવવા માટે આપને કંપની ના નિયમ મુજબ અસલ રશીદ સાથે અરજી કરવા વિનંતી. આપની અરજી મળ્યે અત્રે ની કચેરી દ્વારા નિયમ અનુસાર રીફંડ આપવા માટે આગળ ની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જે આપને વિદીત થાય .

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે પીજીવીસીએલ કંપની દ્વારા અરજદાર શ્રી ને કંપની ના નિયમ મુજબ યોગ્ય તપાસ કરી ને તે અંગે જરૂરી દસ્તાવેજી પુરાવા લઈ અને ભરપાઈ કરેલ ભાવપત્રક ની રકમ નિયમ મુજબ પરત કરવી આ બાબતે પીજીવીસીએલ કાર્યપાલક વેરાવળ શ્રી પણ સહમત થયેલ છે.

૪.૨ આ મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા<br>સ્વતંત્ર સભ્ય | શ્રી બી.પી.બુચ<br>ચેરપર્સન |

**નોંધઃ-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશેતો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસેએક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરીબ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯